

**Long-Term Care Home Update** | *Community Newsletter* | Lakeridge Health

**મે 2021**

## નિવાસીઓની જીવનની ગુણવત્તાને સૌથી વધુ અગ્રતા આપતાં

પાછલા ઉનાળામાં, Ontarioની સરકારે Lakeridge Health સાથે સહયોગી ભાગીદારી સાધવાની તેમજ Infrastructure Ontario Ajax Pickering Hospitalની સાઈટ પર નવું લાંબાગાળાની સંભાળનું ઘર બાંધવાની જાહેરાત કરી હતી. Durham ક્ષેત્રમાં 320 નવા બેડ્ઝ લાવવા ઉપરાંત, ઘરનાં આયોજનમાં ઈનોવેટિવ ઈન્ફેક્શન પ્રિવેન્શન ઍન્ડ કન્ટ્રોલ (IPAC)નાં પગલાં લેવાનો તેમજ નિવાસીઓની જીવનની ગુણવત્તાને સૌથી વધુ અગ્રતા આપે એવી આધુનિક ડિઝાઈન તૈયાર કરવાનો સમાવેશ થાય છે.

દાખલા તરીકે, ઘરનાં ભોંયતળિયાંનાં આયોજનમાં સુરક્ષિત અને લૅન્ડસ્કેપ કરેલા પ્રાંગણો તેમજ સહ-નિવાસીઓ અને પરિવાર સાથે જોડાવવા માટે વ્યક્તિગતપણે હળીમળી શકાય તેવાં સ્થાનોનો સમાવેશ થાય છે. તેજસ્વી અને ચમકતી જગ્યાઓનું નિર્માણ કરવા માટે સૂર્યપ્રકાશ ક્યાં-ક્યાં અતિ છે અને ક્યાં-ક્યાં ઓછો છે એ અંગેનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો, પહોળી પરસાળો નિવાસીઓનું હલનચલન સરળ બનાવશે તેમજ ખાનગી અને અર્ધ-ખાનગી નિવાસી ઓરડાઓ સુખદાયક વાતાવરણ સર્જશે.

નિવાસીઓ, પરિવારો અને કર્મચારીવર્ગ માટે શક્ય તેટલું સલામત વાતાવરણ શરૂ કરવા માટે બેસ્ટ પ્રૅક્ટિસ IPAC સ્ટૅન્ડર્ડ્ઝ (વૈજ્ઞાનિક પુરાવા આધારિત ઉત્પાદનો) પણ ઘરની ડિઝાઈન માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

ઘરને 16-પથારીનાં 'સમૂહ'માં વિભાજિત કરવામાં આવ્યું છે, જેમાં પ્રત્યેક ઘરમાં પોતપોતાનાં ડાઈનિંગ માટેની જગ્યા, સૂર્યપ્રકાશને ઘરમાં આવવા દેવા માટે મોટી બારીઓ અને/અથવા કાચના છાપરું, વિશ્રામખંડો અને અન્ય પ્રવૃત્તિઓ કરવા માટેની જગ્યાઓ છે. આ સમૂહો વધુ સુખદાયક, ઘર જેવું વાતાવરણ સર્જે છે, અને જો જરૂર જણાય, તો જો કોઈ અજ્ઞાત મૂળનો ચેપી રોગ ફાટી નીકળે એક સાથે ભોગ બનનારા સમાન લાક્ષણિકતા ધરાવતા નિવાસીઓનાં સમૂહની મદદ કરશે. દાખલા તરીકે, નિવાસીઓની જગ્યાઓથી અલગ, કર્મચારીવર્ગ પાસે મલિન લૉન્ડ્રી તેમજ અન્ય વપરાયેલી વસ્તુઓને એક માર્ગમાંથી આવતા ખોરાક માટેનાં પુરવઠાઓને અથવા સ્વચ્છ  અને અલગ માર્ગે રાખવા માટે 'સ્વચ્છ' માર્ગો પર અવરજવર કરવા માટનો અનન્ય હક રહેશે.

Ajax Pickering Hospital તેમજ Lakeridge Healthનું સંપૂર્ણ તંત્ર પણ ઘર તેમજ તેનાં કર્મચારીવર્ગને તબીબી અને ચેપ નિવારણ અને નિયંત્રણ અંગેની નિષ્ણાત જાણકારી લેવા બાબતે મદદ કરશે.

નવું ઘર આખરે તો સૌથી તાજી અને અગ્રેસર નાવીન્યપૂર્ણ, ધોરણો, તકનિકો, શૈલીઓ અને કલ્પનાઓ, ડિઝાઈન અને પ્રણાલીઓ અનુસાર સમાવિષ્ટ કરવામાં આવ્યું છે જેથી કરીને નિવાસીઓ અને તેમનાં પરિવારો માટે તે એક સુખદાયક અને સલામત ઘર બની રહે, તેમજ કર્મચારીવર્ગ માટે તેમનાં કાર્યસ્થાન બાબતે ગુણવત્તામાં વૃદ્ધિ કરનારું સ્થાન બની રહે.



## નિર્માણકાર્યની પ્રગતિ આયોજન, અપેક્ષા અને અભિલાષા મુજબ ચાલી રહી છે

નવા લાંબાગાળાની સંભાળનું ઘરનું નિર્માણકાર્ય અતિ ઝડપથી આગળ ધપી રહ્યું છે. એવી અપેક્ષા છે કે બન્ને, દ્વિતીય અને તૃતીય માળો, આ મહિનાનાં અંત સુધીમાં પૂર્ણ થઈ જશે, તેમજ બાંધકામની પરિયોજનાનાં બાકીનાં સમગ્ર સમયગાળા દરમિયાન, એલિવેટરની સોંપણીઓ અંગેની મદદ કરવા માટે 7-માળનાં એલિવેટર કોરને તેમાં જઈ-આવી ન શકાય એટલે પૂર્ણ કરીને તૈયાર કરી દેવામાં આવ્યું છે.

જેમ-જેમ PCLની ટુકડી પોલાદની દીવાલો અને માળમાં સમતલ દીવાલ પર પથ્થર-પદાર્થોની છાટોનું નિર્માણકાર્ય ચોથા અને પાંચમાં માળ સુધી આગળ ધપાવતી જાય છે, તેમ-તેમ આગામી થોડા અઠવાડિયામાં અને મહિનામાં નિર્માણકામ મોટે ભાગે સમાન હોય તેવું દેખાશે અને લાગશે. વધુમાં, નિવાસીઓ માટે પૂર્વનિર્મિત કારખાનામાં તૈયાર કરેલ સંપૂર્ણ સ્નાનાગારનું એકમ પહોંચાડવાનાં અને તેને સાઈટ પર ગોઠવવાનું ચાલુ છે. નિર્માણકાર્યનાં સમગ્ર સમય દરમિયાન, અને વિશેષ કરીને પ્રવર્તમાન ઘરે રહેવાનાં હુકમને ધ્યાનમાં રાખીને, કર્મચારીઓને અને તેમનાં પરિવારજનોને સાઈટ ઉપર, તેમજ આપણા સમુદાયને સ્વસ્થ અને સલામત રાખવા માટે COVID-19 બાબતે કડક રીતે શિષ્ટાચારનું પાલન કરાવવા કાજે સત્તાવાર પ્રક્રિયા લાગુ છે.



*8મી મે, 2021નાં દિવસેપૂર્ણ કરાયેલ એલિવેટર કોર તેમજ કારખાનામાં તૈયાર કરેલ સંપૂર્ણ સ્નાનાગારનાં 32 એકમો સહિત આંશિક રીતે પૂર્ણ કરાયેલ દ્વિતીય માળ*

### હોમ્સનાં નમ્બર્સ પર એક નજર નાખી લઈએ

સમગ્ર ચણતરકામ દરમિયાન, 2,605 ઘન મીટરની કૉન્ક્રીટને સાઈટ પર બેસાડવામાં આવશે. તે કૉન્ક્રીટ એટલા પૂરતા પ્રમાણમાં છે કે આશરે **3.6 ફુટબૉલનાં મેદાનો** પર ફરસ, ઈંટો, લાદી, વગેરે જડી શકાય.

એલિવેટર કોર 7 માળ ઊભો છે અને માત્ર 88 ફીટથી થોડો વધારે ઊંચો છે. તે આશરે **પીઝાનાં ઢળતા મિનારા** કરતાં લગભગ **અડધા જેટલો ઊંચો છે**.

## નિર્માણકાર્યમાં પાર્કિંગ બાબતે છેલ્લામાં છેલ્લી માહિતી

સાઈટ પરનાં કર્મચારીવર્ગની સતત ચાલી રહેલી અવરજવરને કારણે, સ્થળની આજુબાજુ પાર્કિંગની ક્ષમતા પડકારાત્મક બનતી જાય છે. જૂનની શરૂઆતમાં, અમે એક એવા આયોજન પર કામ કરી રહ્યાં છીએ જેનાંથી બાંધકામ કરનારા સંઘને પોતાનાં વ્યક્તિગત વાહનોને Barr Road અને Monarch Avenueનાં ખૂણાં આગળ માન્ય શરતી ઉપયોગથી પાર્ક કરવા માટે છૂટ મળી શકે. નવું પાર્કિંગ માટેનું સ્થાન એ ક્ષેત્રમાં વસતા લોકો જે ઉપયોગ કરે છે તે નિવાસી માર્ગોને યાતાયાતથી મુક્ત કરવામાં મદદ કરશે; તેમ છતાં, અમને એવી અપેક્ષા છે કે કામદારો સાઈટ પરથી અવરજવર કરતા હોવાથી ફુટપાથ પર પગેથી ચાલીને આવતાજતા લોકો તેમજ Clements Woodlotની પગડંડીમાં આવનજાવન વધતી રહેશે.

Deleted: બંધ

2022ની શરૂઆતમાં જ્યાં સુધી ઘરનું નિર્માણકાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી બહુ સમયથી એક સ્થાનિક માલિકીનો પારિવારિક વ્યવસાય ધરાવનારે ઉદાર હૃદયે Lakeridge Healthને જમીન દાન કરી દીધી છે. અમારા તમામ પાડોશીઓની ઉદારતા એ એક એવું મહત્ત્વપૂર્ણ પરિબળ છે જેની મદદથી અમે અમારા આ નવા નિર્માણકાર્યને વાસ્તવિકપણે ઊભું કરી શક્યા છીએ અને તેથી અમે આજ સુધી અમને જે-જે લોકો મદદ કરતા આવ્યા છે એ તમામનો આભાર માનવા ઈચ્છીએ છીએ.




### અમારી સાથે જોડવો

શું તમે ઘરની પ્રગતિ બાબતે સૌથી તાજેતરની માહિતીથી વાકેફ રહેવા ઈચ્છો છો? **તમારું નામ અને ઈમેઈલ અડ્રેસ AjaxLTC@lh.ca પર ઈમેઈલ દ્વારા અમારી ઈમેઈલ સૂચિમાં જોડવો.** તમે સીધા તમારા ઈમેઈલ ઇનબૉક્સમાં જ ચાલી રહેલી માહિતી તેમજ તાજેતરની જાણકારી પ્રાપ્ત કરશો!

એ દરમિયાન, જો તમારે કોઈ પ્રશ્નો હોય અથવા તો વધુ માહિતી ઈચ્છતા હો, તો કૃપા કરીને **lakeridgehealth.on.ca** પર અમારી વેબ્સાઈટની મુલાકાત લો, **905-576-8711 એક્સ્ટેન્શન 34167** પર કૉલ કરો અથવા **AjaxLTC@lh.ca** પર ઈમેઈલ કરો. તમે અમને Twitter અને Facebook પર પણ શોધીને ફૉલો કરી શકો છો.